**અસહ્ય ઉકળાટ અને બફારાથી રાહત** | **પંચમહાલ જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાની પુનઃ પધરામણી થઇ, ખેડૂતોમાં ખુશીનોમા માહોલ**

# પંચમહાલ જિલ્લામાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

હવામાન વિભાગ દ્વારા આગામી ચારથી પાંચ દિવસ સુધી ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે


કાલોલ


હાલોલ


પાવાગઢ

(પ્રતિનિધી) હાલોલ-કાલોલ, તા.12

અષાઢ માસમાં વરસાદ વરસ્યા પછી આખો શ્રાવણ જાણે કોરોધાકોર ગયો અને આખરે મેઘરાજાએ લાંબા વિરામ પછી ભાદરવો શરૂ થતાની સાથે વરસવાનુ શરૂ કર્યુ હોય તેમ પંચમહાલ જિલ્લામાં ઠેરઠેર વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો છે જેમાં શહેરીજનો, ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી છે તો બીજી તરફ પાછલા કેટલાક દિવસોથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અને બફારાનો અનુભવ થયો હતો જે આજે વહેલી સવારથ વરસાદ વરસતા લોકોને ઠંડકનો અહેસાસ થવા પામ્યો હતો. કાલોલ તાલુકા સહિત નગરમાં લાંબા સમયથી ખેંચાયેલા વરસાદ બાદ આખરે મેઘરાજાએ ફરી પધરામણી કરતા ખેડૂતો અને શહેરીજનોમાં રાહતની લાગણી પ્રસરી છે. અંદાજિત 35 થી 40 દિવસના લાંબા વરસાદી વિરામ બાદ આજે સાંજે ચાર વાગ્યાની આસપાસ કાલોલ તાલુકા સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો. જ્યાં લાંબા સમયથી વરસાદ ખેંચાતા કાલોલ તાલુકાના અનેક વિસ્તારોમાં ખેતીના પાકને પાણીની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી. ખાસ કરીને વરસાદની આતુરતાથી રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદરૂપ બન્યો છે. આ વરસાદના આગમનથી સુકાઈ રહેલા પાકને જીવતદાન મળવાની આશા જાગતા ખેડૂતોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હોવાથી ખેડૂતોમાં હજુ વધુ સારા વરસાદની આશા બંધાઈ છે.

તેવી જ રીતે હાલોલ, જાંબુઘોડા અને પાવાગઢ પંથકમાં પણ મેઘરાજા રિઝયા હતા અને લાંબા સમય બાદ વીજળીના કડાકા અને ભડાકા સાથે વરસાદ વરસતા ગરમી અને ઉકળાટથી ત્રસ્ત લોકોને પણ રાહત મળી હતી. વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો. છેલ્લા આશરે એક મહિનાથી વરસાદે વિરામ લીધો હોવાથી ખેડૂતો વરસાદની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

વરસાદના આગમનથી ખેતીના પાકને જરૂરી ભેજ મળી રહેવાની આશા ખેડૂતોમાં જાગી છે. વરસાદના કારણે શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઠંડકભર્યું વાતાવરણ સર્જાયું હતું. વહેલી સવારથી છવાયેલા કાળા વાદળો બાદ વરસેલા વરસાદથી સમગ્ર જિલ્લામાં ચોમાસાની સક્રિયતા ફરી જોવા મળી હતી.

---

**ગણેશ મંડળોના આયોજકો સાથે બેઠક યોજાઈ**

## ગણેશોત્સવ પૂર્વે હાલોલમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ યોજાયું

DJના નિયમોનું પાલન નહીં થાય તો સંચાલક અને આયોજક સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી



(પ્રતિનિધી) હાલોલ, તા.11

પંચમહાલ હાલોલમાં આગામી ગણેશ આગમન અને ગણેશ વિસર્જનના તહેવારો દરમિયાન શહેરમાં શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત માહોલ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પંચમહાલ પોલીસ તંત્ર દ્વારા હાલોલમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી છે. ગણેશોત્સવ પૂર્વે જિલ્લા પોલીસ અધિક્ષક હરેશ દુધાતના અધ્યક્ષસ્થાને હાલોલ શહેરમાં પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. તાજેતરમાં એક અઠવાડિયા અગાઉ આગમન દરમ્યાન બનેલી ઘટનાને પગલે પોલીસ તંત્ર વધુ સતર્ક બન્યું છે.

આગામી દિવસોમાં ગણેશ વિસર્જન સુધીના કાર્યક્રમો શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે પોલીસ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના સંવેદનશીલ વિસ્તારો સહિત વિવિધ વિસ્તારોમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગણેશ મંડળોના પ્રતિનિધિઓ સાથે બેઠક ફૂટ પેટ્રોલિંગ ઉપરાંત હાલોલમાં વિવિધ ગણેશ મંડળોના પ્રતિનિધિઓ સાથે હાલોલ રૂરલ પોલીસ મથકે પોલીસ તંત્ર દ્વારા બેઠક યોજવામાં આવી હતી.

---

**વેજલપુર પોલીસની બુટલેગરો પર તવાઇ**

## પોલીસે કાલંત્રા અને મીરાપુરી ગામમાંથી દારૂ-બિયર ઝડપ્યો

(પ્રતિનિધી) કાલોલ, તા.12

ગુજરાતમાં પ્રોહિબિશન કાયદાના કડક અમલ વચ્ચે પંચમહાલ જિલ્લાના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે દરોડા પાડીને કુલ ૨૭ નંગ વિદેશી દારૂ/બીયરના ટીન જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.1. મીરાપુરી ગામમાંથી ૨૧૬૦ રૂપિયાનો બીયરનો જથ્થો મળ્યો, મહિલા આરોપી ફરાર વેજલપુર પોલીસ સ્ટેશનના અ.લો.ર. હર્ષકુમાર ભરતભાઈ અને સ્ટાફના માણસો ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન બાતમીના આધારે કાલોલ તાલુકાના મીરાપુરી ગામના બારિયા ફળિયામાં આવેલ કપીલાબેન નિલેશભાઈ પટેલીયાના ઘરે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન મહિલા આરોપી ઘરે હાજર મળી આવ્યા ન હતા. પરંતુ ઘરની ઝડતી લેતાં ઓસરીના ભાગે મૂકેલા પ્લાસ્ટિકના થેલામાંથી બિયરના ૧૨ નંગ ટીન મળી આવ્યા હતા. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી કપીલાબેન સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ) મુજબ ગુનો નોંધ્યો છે. 2. કાલંત્રા ગામમાંથી ૨૭૦૦ રૂપિયાના બીયર સાથે એક ઈસમ રંગેહાથ ઝડપાયો બીજી ઘટનામાં, કંટ્રોલ રૂમના ૧૦૦ નંબર પર મળેલી વર્ધીના આધારે વેજલપુર પોલીસના અ.પો.કો. દર્શનસિંહ યોગેન્દ્રસિંહ તથા ટીમ કાલોલના કાલંત્રા ગામે તપાસ અર્થે પહોંચ્યા હતા. ત્યાં ઘરની પાછળ પ્લાસ્ટિકનો થેલો લઈને બેઠેલા શૈલેષકુમાર લક્ષ્મણભાઈ ચૌહાણ (ઉંમર ૩૭) નામના ઈસમને પોલીસે કોર્ડન કરીને પકડી પાડ્યો હતો.

---

**તંત્રના આ નિર્ણયથી કચલધારા અને છાયણ ગામના ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાયા**

## કચલધારા અને છાયણ ખાતે GIDCની દરખાસ્ત સત્તાવાર રીતે સ્થગિત, ભારે વિરોધ વ્યક્ત કર્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.12

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના કચલધારા તથા છાયણ ખાતે ગુજરાત ઉદ્યોગ વિકાસ નિગમ (પેંન્ડુઝ) દ્વારા ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે ચાલી રહેલી જમીન સંપાદનની દરખાસ્તને તંત્ર દ્વારા આખરે સત્તાવાર રીતે સ્થગિત કરી દેવામાં આવી છે.

જીઆઈડીસી વડોદરા કચેરીના પ્રાદેશિક મેનેજર દ્વારા દાહોદના કલેક્ટરને લેખિત પત્ર પાઠવીને આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવતા સ્થાનિક ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અગાઉ નિગમનાનિયામક મંડળના મંજૂરી ઠરાવ અન્વયે છાયણ સર્વે નં. ૩૮/૪, વિસ્તાર ૫,૯૬,૧૩૨ચો.મી. અને કચલધારા સર્વે નં. ૩૨ વિસ્તાર ૬,૨૦,૩૬૩ ચો.મી. ખાતે જમીન મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરવામાં આવી હતી. જોકે, આ જીઆઈડીસી મંજૂરથઈત્યારથી જ કચલધારા અને છાયણ પંથકમાં તેનો ભારે વિરોધ શરૂ થઈ ગયો હતો. ખેડૂતોની આજીવિકા સમાન ઉપજાઉ જમીનો છીનવાઈ જવાની તથા જમીન ખરાબ થવાની આશંકાએ સ્થાનિક સ્તરે રોષ ભભૂકી ઉઠ્યો હતો. આ વિસ્તારના ખેડૂતો અને જમીન માલિકોના હિતોનું રક્ષણ કરવા માટે સ્થાનિ આગેવાનો મુકેશભાઈ ડાંગી, અમરસિંહ માવી, મુકેશભાઈ ડામોર, કનુભાઈ ડામોર અને સંજયભાઈ નિનામા તથા સરપંચો દ્વારા ખેડૂતોને એકસંપ કરી મજબૂત અને ધારદાર લડત લડવામાં આવી હતી. આનેતાઓની આગેવાની હેઠળ તંત્ર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતો અને ઉગ્ર વિરોધ પ્રદર્શનો રંગ લાવ્યાછે. સતત વધી રહેલા વિરોધ અને જનઆંદોલનને ધ્યાનમાં રાખીને સક્ષમ સત્તાધિકારી દ્વારા હાલ સદર જમીનો મેળવવાની કાર્યવાહી સ્થગિત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. તંત્રના આ નિર્ણયથી કચલધારા અને છાયણ ગામના ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

---

## ગરબાડામાં આજે વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી કરાશે

(પ્રતિનિધી) દાહોદ, તા.12

13 સપ્ટેમ્બરે વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણીને લઈને ગરબાડા ખાતે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આદિવાસી પરિવાર ગરબાડાના નેજા હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. કાર્યક્રમને સંપૂર્ણપણે સામાજિક સ્વરૂપ આપવામાં આવ્યું છે, જેમાં વિવિધ રાજકીય પક્ષો, સમાજો અને સંગઠનોના હોદ્દેદારો તથા સામાજિક આગેવાનોના સહયોગથી આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન ભગવાન બિરસા મુંડાની મૂર્તિનું અનાવરણ કરવામાં આવશે. સાથે જ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે. ઉપસ્થિત લોકો માટે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, માજી ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા સહિત ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ભારત આદિવાસી પાર્ટીના વિવિધ આગેવાનોને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગરબાડા સહિત આસપાસના વિસ્તારોના સામાજિક આગેવાનોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આયોજકોના જણાવ્યા મુજબ, કાર્યક્રમને કોઈ એક પક્ષ કે રાજકીય વિચારધારા પૂરતો મર્યાદિત રાખવામાં આવ્યો નથી, પરંતુ આદિવાસી સમાજની એકતા, સંસ્કૃતિ અને અધિકારોના સંદેશ સાથે સંપૂર્ણપણે સામાજિક રીતે કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. વિશ્વ આદિવાસી અધિકાર દિવસ નિમિત્તે યોજાનાર આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

---

## શ્રી પંચમુખી હનુમાનજી મંદિર પાલ્લી ખાતે શિવ મહાપૂજાની પૂર્ણાહુતિ



દાહોદ : દાહોદ જિલ્લાના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી પંચમુખી હનુમાનજી મંદિર, પાલ્લી-લીમખેડા ખાતે પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે,અમાવસ્યાના પાવન અવસરે છેલ્લા એક માસથી ચાલી રહેલી અસંખ્ય પાર્થિવ શિવલિંગ પૂજાની ભવ્ય પૂર્ણાહુતિ યોજાઈ. શ્રી પંચમુખી હનુમાનજી મંદિર.ખાતે છેલ્લા 11 વર્ષથી પાર્થિવ શિવલિંગ પૂજા કરવામાં આવે છે. આ વર્ષના મુખ્ય યજમાન બોરડી ગામના રહેવાસી, સનાતની યોદ્ધા, માં ચેહર પેટ્રોલિયમ બોરડીના માલિક અને દાહોદ જિલ્લા રાજપૂત સમાજના મહામંત્રી શ્રી અરવિંદસિંહ રાઠોડ અને શ્રી પંચમુખી હનુમાનજી મંદિર પરિવાર રહ્યા.

---

**કાલોલના એરાલ નજીક ગમખ્વાર વાહન અકસ્માત**

## એસ.ટી બસ-હાઈવા વચ્ચેની ટક્કરમાં સેવાલીયાના ચાલકનુ મોત

(પ્રતિનિધી) કાલોલ, તા.12

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા સ્થિત એરાલ ગામ પાસે સરકારી એસ.ટી. બસ અને અશોક લેલેન્ડ હાઈવા ડમ્પર વચ્ચે સામસામે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં હાઈવાના ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

જ્યારે સરકારી બસમાં સવાર મુસાફરોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી છે. અકસ્માત બાદ બસ ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે અંદાજે



૯:૦૦ વાગ્યાના અરસામાં એરાલ ગામના પાણિયા ફળિયા નજીક રોડ પર આ બનાવ બન્યો હતો. સેવાલીયા બજાર તા. ગળતેશ્વર, જી. ખેડા ખાતે રહેતા ૫૮ વર્ષીય ઈકબાલભાઈ ગુલામ નબી વહોરા પોતાની અશોક હાઈવા ગાડી નંબર GJ-01-DX-1305 લઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન સામેથી પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી સરકારી એસ.ટી. બસ નંબર GJ-18-Z-7612 ના ચાલકે હાઈવાને જોરદાર ટક્કર મારી હતી.

આ ધડાકાભેર ટક્કરમાં હાઈવા ચાલક ઈકબાલભાઈ વહોરાને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. આ ઉપરાંત સરકારી બસમાં બેઠેલા મુસાફરોને પણ ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

---

## દાહોદ ખાતે ભવ્ય નેશનલ લોક અદાલતનું આયોજન

(પ્રતિનિધી) દાહોદ, તા.12

દાહોદ ખાતે ભવ્ય નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં અંકે રૂપિયા છ કરોડ પચીસ લાખ છત્રીસ હજાર પાંચશો બત્રીસ પૂરા) સેટલમેન્ટ કરવામાં આવેલ. નામદાર નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી ન્યૂ દિલ્હી ના આદેશ અનુસાર નામ. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ ના માર્ગદર્શન હેઠળ અત્રેના ચેરમેન અને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ એચ.જી.વાઘેલા સાહેબનાં વરદ હસ્તે આજરોજ તા. 12/09/2026 ના રોજ નેશનલ લોક અદાલત નું અયોજન કરવામાં આવેલ. વધુમાં આજરોજ નેશનલ લોક અદાલતમાં કુલ મુકેલ કેસો 28683 જેમાં કુલ 9,841 કેસોનો



નિકાલ કરવામાં આવેલ જે કુલ કેસોના આશરે 34.31 % જેટલા કેસો નિકાલ થયેલ. તેમજ રૂ.6,25,36,532/- (અંકે રૂપિયા છ કરોડ પચીસ લાખ છત્રીસ હજાર પાંચશો બત્રીસ પૂરા) સેટલમેન્ટ કરવામાં આવેલ છે. આમ, નેશનલ લોક અદાલત માં " કોઈ નો જય નહિ અને કોઈનો પરાજય નહિ" તે આશય સફળ કરવાના હેતુસર નેશનલ લોક અદાલતનું ભવ્ય આયોજન કરવામાં આવેલ.

---

**ગોધરા-કાલોલ હાઇવે પર ચલાલી ચોકડી નજીક અકસ્માત**

## કાર ચાલકે બાઈકને ટક્કર મારતા પિતા-પુત્ર ઈજાગ્રસ્ત થયાં

(પ્રતિનિધી) કાલોલ, તા.12

ગોધરા-કાલોલ હાઈવે રોડ પર આવેલા ચલાલી ચોકડી પાસે એક ઝડપભેર આવતી ફોર-વ્હીલર ગાડીના ચાલકે બાઈકને અડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં પિતા અને પુત્ર બંને ઈજાગ્રસ્ત થયા છે. આ અંગે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફોર-વ્હીલરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, ઘોઘંબા તાલુકાના માલુ ગામના વતની રમણભાઈ વજાભાઈ રાઠવા (ઉ.વ. ૪૬) ના પિતા વજાભાઈ માનસિંગભાઇ રાઠવા (ઉ.વ. ૭૦) ને હાથ-પગમાં દુખાવો થતો હોવાથી તેઓ પોતાના બાઈક (નંબરઃ GJ-06-EP-8041) પર પિતાને બેસાડીને ગોધરા તાલુકાના હારેડા ગામે દવા લેવા ગયા હતા.

દવા લઈને પરત ફરતી વખતે બપોરના આશરે ૧૨:૩૦ વાગ્યાના સુમારે વેજલપુર નજીક ચલાલી ચોકડી પાસે રસ્તો ક્રોસ કરતી વખતે, પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક ફોર-વ્હીલર ગાડી (નંબરઃ GJ-17-CP-3660) ના ચાલકે તેમની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં રમણભાઈને પગ તથા માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી, જ્યારે તેમના ૭૦ વર્ષીય વૃદ્ધ પિતા વજાભાઈને ડાબા હાથે તથા ડાબા પગે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંને ઈજાગ્રસ્તોને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

સારવાર બાદ રમણભાઈને રજા આપવામાં આવી હતી, જે બાદ તેમણે વેજલપુર પોલીસ સ્ટેશન પહોંચી અકસ્માત સર્જી ભાગી છૂટેલા ફોર-વ્હીલર ગાડી (GJ-17-CP-3660) ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

---

## કાલોલના મલાવમાં શ્રાવણના છેલ્લા દિવસે બિલીપત્રના રોપાઓનુ વિતરણ

(પ્રતિનિધિ) કાલોલ, તા.12

કાલોલ તાલુકાના મલાવ ગામના યુવાન જયેશભાઈ મહેરાએ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન પર્યાવરણ અને અધ્યાત્મનો સમન્વય સાધીને અનોખું વ્રત પૂર્ણ કરીને યુવાનો માટે પ્રેરણારૂપ બન્યા છે.

યુવાન જયેશભાઈએ શ્રાવણ માસ દરમિયાન ત્રીસ દિવસ સુધી મિત્રો - સ્નેહીજનોને મળીને તેઓને બિલ્વ વૃક્ષના રોપાની ભેટ અને સાથે ગીતાજીનો શ્લોક આપવાનો સંકલ્પ કર્યો હતો. યુવાને બિલ્વ વૃક્ષના રોપાનું વિતરણ કરી લોકોને લુપ્ત થવા જઈ રહેલા વૃક્ષના સંરક્ષણ તથા પર્યાવરણ જતનના વિચારને લોકો સુધી




પહોંચાડવાનો પ્રયત્ન કર્યો હતો. વળી, ગીતાજીના શ્લોકના વિતરણ દ્વારા લોકોમાં માનવ્યતા નિર્માણ થાય તેવો ભાવ પ્રકટ કરવામાં આવ્યો હતો.

---

**'મહિલા સુરક્ષા, સશક્તિકરણ અને સર્વાંગી વિકાસ**

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં જાગૃતિ સંવાદ' કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) સુખસર,તા.12

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ગોધરા ખાતે અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ અને સમાજ કાર્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે 'મહિલા સુરક્ષા,સશક્તિકરણ અને સર્વાંગી વિકાસ જાગૃતિ સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનું આયોજન સેન્ટર ઑફ એક્સેલન્સના ઓડિટોરિયમ હોલમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. હરિભાઈ કાતરીયા અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કુલસચિવ ડૉ.અનિલભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન



મહિલા સુરક્ષા, કાનૂની જાગૃતિ, કાઉન્સેલિંગ, સરકારી સહાય સેવાઓ તથા મહિલાઓના સશક્તિકરણ અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે જાગૃતિ સંવાદ યોજાયો હતો. આ સંવાદમાં વિદ્યાર્થીઓએ મહિલા સુરક્ષા, 181 હેલ્પલાઇન, સખી વન સ્ટોપ સેન્ટર, કાઉન્સેલિંગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ સેવાઓ અંગે પ્રશ્નો પૂછી નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય સંદેશ 'સુરક્ષિત મહિલા, સશક્ત સમાજ અને સમૃદ્ધ ભારત' રહ્યો હતો. મહિલા સુરક્ષા, જાગૃતિ, સંવાદ અને સહયોગ દ્વારા વધુ સમાન, સુરક્ષિત અને સશક્ત સમાજના નિર્માણ તરફ આ કાર્યક્રમ એક મહત્વપૂર્ણ પ્રયાસ સાબિત થયો હતો.